# શહેરમાં વધુ ૪ કેસ : ગ્રામ્યમાં ૩

## સે-૮, સે-૪ અને સે-૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાંથી કેસ મળ્યા : શહેરના કેસોની સંખ્યા ૬૦ થઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૦ થવા જાય છે.

આજે નવા નોંધાયેલા કેસોમાં સે-૮-બીમાં એક ૭૨ વર્ષીય વૃધ્ધનો તેમજ સે-૪માં અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજો બજાવતી મહિલાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત સે-૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાંથી વધુ બે મહિલાના કેસ પોઝીટીવ મળી આવ્યા છે.

આજે નોંધાયેલ ૪ કેસોમાં ૩ મહિલા દર્દીઓ છે. તંત્રમાં આજે ૪ નવા કેસ આવતાં ચિંતામાં વધારો થવા પમ્યો છે.

સે-૮માં અગાઉ બે કેસ નોંધાયા હતા અને હવે ૩જો કેસ નોંધાતાં સમગ્ર સેક્ટરમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે. સે-૮માં એક ૭૨ વર્ષીય વૃધ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સેકટર-૪-સીમાં રહેતી એક મહિલા જે અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં નર્સીંગ સેવા સાથે સંકળાયેલ છે તેનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સે-૨૪ના ઈન્દિરાનગરમાંથી બે મહિલાઓના જે નમૂના લેવાયા હતા તેમના રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યા છે. સે-૨૪માં એક ૩૦ વર્ષીય મહિલા અને એક ૧૯ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા આજે મળી આવેલા આ કેસોના કોન્ટેકટ પર્સનને હોમ કવોરોન્ટાઈન, ફેસીલીટ કવોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સે-૨૪માં શ્રીનગર બાદ શ્રમજીવી પરિવારોની વસ્તી ધરાવતા ઈન્દિરાનગરમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્ર એ અહીં સેમ્પલીંગની કામગીરી પણ સઘન બનાવી છે.

બીજી તરફ સે-૮ અને સે-૪-સીના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા અંગેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. તંત્ર એ આ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ તેમજ દર્દીઓના નિવાસસ્થાનને સેનીટાઈઝેશન કરવાની કામગીરી પણ હાથ ધરી છે.

શહેરમાં બે દિવસના વિરામબાદ એકાએક ઉછાળો કેસોમાં નોંધાતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. નવા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે. જો કે તંત્રના સૂત્રોનું માનીએ તો આ બધા કેસો લોકલ ટ્રાન્સમિશનના છે અને અમદાવાદ કનેકટેડ વધુ જોવા મળી રહ્યા છે.

જિલ્લામાં કોરોનાની સ્થિતિને લઈ મળેલ ઉચ્ચ કક્ષાની બેઠકમાં પણ શહેરમાં જે રીતે કેસો

● અનુસંધાન પાન-૭ પર

### સે. ૨૩ ને કન્ટેનમેન્ટ ઝોનમાંથી બહાર કરાયુ : જાહેરનામુ પ્રસિદ્ધ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૨૩ ના વિસ્તારને આજે કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુક્તિ આપવાનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

જો કે સે. ૨૯ ને લઈ તંત્ર દ્વારા હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. એકાદ બે દિવસમાં કન્ટેનમેન્ટ ઝોન અંગે નિર્ણય લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે.

સે. ૨૯ અને સે. ૨૩ ને કન્ટેન્મેન્ટ ઝોનમાં એક સાથે મુકવામાં આવ્યા હતા. આ બન્ને સેક્ટરોમાં કોરોનાના કેસો છેલ્લા ઘણા સમયથી નોંધાયા નથી. જો કે અત્યારે માત્ર સે. ૨૩ માટે જ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સૂત્રો કહી રહ્યા છે.

### સિવિલમાં વધુ એક તબીબી અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના વધુ એક તબીબી અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એનેસ્થેસિયા વિભાગમાં ફરજ બજાવતા એક મહિલા તબીબનો રિપોર્ટ આજે પોઝીટીવ આવેલ છે. આ મહિલા તબીબ અમદાવાદ ખાતે રહે છે. જોકે તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ રાખવામાં આવેલ છે.

ગઈકાલે એનેસ્થેશિયાના એક સિનીયર રેસિડેન્ટ્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ રેસિડેન્ટસને પણ સારવાર માટે સિવિલમાં રાખવામાં આવેલ છે. ગાંધીનગર સિવિલના બે તબીબોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ અગાઉ પણ કોરોના વોર્ડમાં ફરજ બજાવતા એક તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. જો કે તેઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ત્રણ કેસ : કુલ ૧૧૦

**એક ખાનગી પ્રેક્ટીસ કરતા તબીબ; એક આરોગ્યની મહિલા તેમજ એક અન્ય દર્દી મળ્યા : ગ્રામ્ય વિસ્તારના કેસો ૧૧૦**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આજે વધુ ૩ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ ૩ કેસો ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં જે ૩ નવા કેસો મળ્યા છે તે અમદાવાદ કનેકટેડ હોવાનું જણાયુ છે. ગાંધીનગર તાલુકાના કુડાસણ, રાંદેસણ અને રાયસણ ગામેથી આ કેસો મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે રાયસણથી મળેલ કેસમાં દર્દીને અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર આવેલ એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જ્યારે રાંદેસણમાંથી એક મહિલા દર્દી મળી આવેલ છે. જે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે સેવાઓ આપતી હોવાથી તેણીનીને અમદાવાદ જ દાખલ સારવાર માટે કરવામાં આવેલ છે. જ્યારે કુડાસણમાંથી અમદાવાદ ખાતે ખાનગી પ્રેક્ટીસ કરતા તબીબનો રિપોર્ટ આજે પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આજે આ ત્રણેય દર્દીઓના નિવાસસ્થાન પર જરૂરી કાર્યવાહી કરી અને તેમના સંપર્કમાં રહેલ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ૨૨૫૮ વ્યક્તીઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૨૦૪૦ કેસના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૧૧૦ પર પહંચી છે. જો કે જિલ્લાતંત્રના સત્તાવાર સૂત્રો નોંધાયેલા કેસો ૯૮ કહે છે.

## અમદાવાદ કલેક્ટર કચેરીના ૧૧ કર્મી પોઝિટિવ

**અમદાવાદ કલેક્ટર કચેરીના નાયબ મામલતદારનું કોરોનાથી મોત નિપજ્યુ**

અમદાવાદ, તા. ૧૭

અમદાવાદ કલેક્ટર કચેરીના મહેકમ વિભાગમાં ફરજ બજાવતા દિનેશભાઈ રાવલ કોરોનાના કારણએ મોત થયું છે. તે બે દિવસથી વેન્ટિલેટર પર હતા અને ગત મોડી રાત્રે તેમનું અવસાન થયું છે. એટલું જ નહીં પરંતુ કલેક્ટર કચેરીના ૧૧ કર્મચારીઓને પણ કોરોના પોઝિટીવ આવ્યા છે. જેને લીધે કલેક્ટર કચેરીમાં ફફડાટ ફેલાઈ ગયો છે. તેઓ છેલ્લા ૧૫ દિવસથી કોરોના સામે લડી રહ્યા હતાં. છેલ્લા ૨-૩ દિવસથી તબિયત વધુ બગડી જતી હતી. તેમની અચાનક તબિયત લથડી અને મોત થયું છે. તો બીજી બાજુ અન્ય ૩ મામલતદારોને પણ કોરોના થયો છે. એક એડિશનલ કલેક્ટર પણ સ્ટ્રેસને કારણે રજા પર ઊતરી ગયા છે. રેસિડેન્ટ એડિશનલ કલેક્ટરના પી.એ.એને પણ કોરોના પોઝિટીવ છે.

### વિજય નેહરાની બદલી : નવા કમિશનર મુકેશકુમાર

ગાંધીનગર, તા.૧૭

હોમ ક્વૉરોન્ટાઈન થયેલ વિજય નેહરાને અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર પદેથી હટાવી ગ્રામ ગૃહ નિર્માણમાં મુકાયા છે. તેમના સ્થાને મુકેશકુમારની નિણુંક કરાઈ છે.

## જેઈઈ, નીટ, ગુજકેટના માર્ગદર્શન માટે વિશિષ્ટ આયોજન

**કોરોનાની હાલની સ્થિતિમાં વિદ્યાર્થીઓ ઘેર બેઠા અભ્યાસ કરી શકે તે માટે શૈક્ષણિક કાર્યક્રમો યુટ્યુબ ઉપર મુકાશે**

ગાંધીનગર, તા.૧૭

હાલમાં કોરોના ના કારણે જે પરિસ્થિતિ સર્જાઈ છે ,તેમાં ખાસ કરીને રાજ્યના ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના હજારો વિદ્યાર્થીઓ જેઈઈ, નીટ અને ગુજકેટ જેવી તમામ પરીક્ષાઓનું ઘરે બેઠા જ માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે તે માટે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડે વિશિષ્ટ આયોજન હાથ ધર્યુ છે . આ આયોજન અંતર્ગત ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષયના તજજ્ઞ શિક્ષકો દ્વારા રેકોર્ડિંગ કરીને ખાસ શૈક્ષણિક કાર્યક્રમો હાલમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે .તૈયાર થનાર આ શૈક્ષણિક કાર્યક્રમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યૂટૂબ ચેનલ જી એસએચએસઈબી ગાંધીનગર પર અપલોડ કરાશે. આ કાર્યક્રમો અપલોડ થતા જેઈઈ, નીટ અને ગુજકેટ જેવી પરીક્ષાઓનું માર્ગદર્શન મેળવવા

● અનુસંધાન પાન-૭ પર

# ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રનુ ૭૫.૦૭ ટકા પરિણામ


## અશ્રુભીની અંજલી



જન્મ : ૧૬-૦૧-૧૯૪૯ નિર્વાણ : ૧૪-૦૫-૨૦૨૦

**ઈન્દુમતીબેન નૌતમલાલ નિમાવત**

*नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।*
*न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥*

श्रीमद्भगवद्गीता २/२३

ગાંધીનગર જિલ્લા માસ્ટર એથ્લેટિક્સ એસોસીએશન

**દિનેશસિંહ ચાવડા - પ્રમુખ**

| | | |
|---|---|---|
| કે. કે. પટેલ (ઉપપ્રમુખ) | ભગવતભાઈ કે. ઠક્કર | પ્રફુલાબેન ભાવસાર |
| દશરથસિંહ ચૌહાણ (મંત્રી) | તરાલ ભગવાનભાઈ | હેમાબેન આર. સાગર |
| કિશોરસિંહ એમ. ગોહિલ | રમણલાલ વી. પટેલ | કિરણ ભગવાનદાસ તરાલ |
| ચંદ્રસિંહ અટોદરિયા | રેવર ખિમજીભાઈ એમ. | બુબડીયા શાન્તાબેન |
| ઘનશ્યામભાઈ ડી. પટેલ | ચૌધરી કનુભાઈ જી. | શારદાબેન વી. પટેલ |
| અરવિંદભાઈ આર. ક્રિશ્ચિયન | ચૌધરી પાર્થભાઈ જી. | ભાનુબેન બી. ઠક્કર |
| મહેન્દ્રભાઈ પી. મહેતા | અમીન પિન્ટુભાઈ રાનીકા | મનિષાબેન એન. ત્રિપાઠી |
| એમ. બી. કટારા | બાબુભાઈ ખેર | ગીતાંજલિ સોનેરાવ |
| ગીરીશભાઈ ગઢવી | ડૉ. રાજેન સી. સોનેરાવ | રેણુકાબેન પટેલ |
| આલોક પ્રદીપકુમાર | પ્રકાશકુમાર બી. પટેલ | ચંદ્રિકાબેન નાડિયા |
| રજનીશકુમાર | કીર્તિબેન એમ. મહેતા | |


**જિલ્લામાંથી એક જ વિદ્યાર્થીને એ વન ગ્રેડમાં સ્થાન : ગાંધીનગરમાં સરગાસણ સ્થિત વેદ ઇન્ટરનેશનલ સ્કુલનો વિદ્યાર્થી એ વન ગ્રેડ સાથે જિલ્લામાં પ્રથમ : જિલ્લાના ચારેય કેન્દ્રોમાં ગાંધીનગરનુ સૌથી વધુ અને ચાંદખેડાનુ સૌથી ઓછુ ૬૭.૭૯ ટકા પરિણામ ગાંધીનગર જિલ્લાનુ પણ ૭૩.૯૦ ટકા પરિણામ આવ્યુ : લોકડાઉનના સંજોગોમાં પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા છવાઇ**

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ. જેમાં સમગ્ર રાજયનુ પરિણામ ૭૧.૩૪ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૫.૦૭ ટકા આવ્યુ છે. જિલ્લાના ચારેય કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ ગાંધીનગર કેન્દ્રનુ છે. જયારે જિલ્લામાં માત્ર એક જ વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. સરગાસણની વેદ ઈન્ટરનેશન સ્કુલનો વિદ્યાર્થી સમગ્ર જિલ્લામાં પ્રથમ આવ્યો છે. ગાંધીનગર કેન્દ્રમાંથી નોંધાયેલા ૩૮૧૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૮૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે આ પૈકી ૯૫૩ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી ન હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરીક્ષાનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો હતો. ગાંધીનગર જિલ્લામાંથી પણ નોંધાયેલા ૫૧૨૭ પૈકી ૫૧૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૭૩.૯૦ ટકા આવ્યુ છે. જયારે આ પૈકી એ વન ગ્રેડમાં માત્ર એક જયારે એ ટુ ગ્રેડમાં ૧૦૯ અને બી ગ્રેડમાં ૪૧૨, બી-ટુ

● અનુસંધાન પાન-૭ પર

### ગત વર્ષની સાપેક્ષમાં એક ટકા પરિણામ ઘટયુ એ-વન ગ્રેડમાં પણ ૫ વિદ્યાર્થીઓ ઓછા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૫.૦૭ ટકા આવ્યુ છે. જે ગત વર્ષની સરખામણીએ એક ટકા જેટલુ ઓછુ છે જયારે આ વર્ષે જાહેર થયેલા પરિણામના અંતે સમગ્ર જિલ્લામાંથી માત્ર એક જ વિદ્યાર્થીને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જયારે ગત વર્ષે જિલ્લામાંથી ૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો હતો. આમ વિજ્ઞાન પ્રવાહના પરિણામની ટકાવારી ગત વર્ષ કરતા એક ટકો ઘટી છે. જયારે એ વન ગ્રેડમાં પણ ૫ વિદ્યાર્થીઓનો ઘટાડો થયો છે. જો કે ગાંધીનગરની સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થી શ્રેય કાર્તિકભાઇ મહેતાએ એ એ વન ગ્રેડમાં જિલ્લાને સ્થાન અપાવ્યુ છે.

### આપણો દેશ ઝડપથી આ વાયરસની ચુંગાલમાંથી મુક્ત થઈ જશે : શ્રેય

**વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાં પ્રથમ આવનાર વેદ ઇન્ટરનેશનલ સ્કુલના શ્રેય મહેતાને આગળ આઇ આઇ ટીમાં અભ્યાસ કરવાની ખેવના : પરિણામનો શ્રેય ડોકટર માતા પિતા અને શાળાના શિક્ષકોને આપે છે : નાનપણથી ગણિત વિષય વધુ પસંદ : હાલના કપરા કાળમાં સોશિયલ ડીસ્ટન્સીંગ સહીત સરકારના નિયમોનુ યોગ્ય પાલન કરવુ અનિવાર્ય**

ગાંધીનગર તા ૧૭

મારા પરિણામનો શ્રેય શાળાના શિક્ષકો તેમજ માતા પિતાને આપુ છે. સરગાસણની વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થી શ્રેય મહેતાએ આજે વિજ્ઞાન પ્રવાહમાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી હોવાની ખુશી વ્યકત કરતા જણાંવ્યુ હતુ કે આગળ આઈ આઈ ટી માં અભ્યાસ કરવો છે. હાલ કોરોનાની મહામારીમાં નાગરિકો સોશિયલ ડીસ્ટન્સ સહીત સરકારના નિયમોનુ યોગ્ય પાલન કરે તે અનિવાર્ય છે. આપણો દેશ ઝડપથી આ વાયરસની ચુંગાલમાંથી મુક્ત થઈ જશે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષે જિલ્લામાંથી માત્ર એક જ વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. સરગાસણની વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થી શ્રેય કાર્તિકભાઈ મહેતાએ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શ્રેયના જણાંવ્યા મુજબ તેણે આગળ આઈ આઈ ટી એન્જિનિયરીંગ ક્ષેત્રે વધુ અભ્યાસ કરવો છે. શ્રેય પોતાના ઉજ્જવળ પરિણામનો શ્રેય તેના માતા પિતા તેમજ વેદ ઈન્ટરનેશનલ શાળાને આપે છે. શ્રેયના જણાંવ્યા મુજબ તેના માતા પિતા તરફથી તેને સતત પ્રોત્સાહન મળતુ હતુ જયારે શાળાના વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો અને નયનભાઈ ત્રિવેદીના સતત માર્ગદર્શનના લીધે સારુ પરિણામ મળ્યુ છે. શ્રેયે ગણિતામાં ૯૯, રસાયણ વિજ્ઞાનમાં ૯૩ ફીઝીકસમાં ૯૫ તેમજ કોમ્પ્યુટરમાં ૯૪ અને અંગ્રેજી વિષયમાં ૭૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. કુલ ૬૫૦ માંથી તેને ૬૦૫ ગુણ પ્રાપ્ત થયા છે. શ્રેયના પિતા ડો કાર્તિક મહેતા ગાયનેકોલોજીસ્ટ છે. સે-૧૭માં શ્રેય મેટરનીટી હોમમાં દર્દીઓને સારવાર આપે છે. શ્રેયના માતા ડો કેતકી મહેતા પણ

● અનુસંધાન પાન-૭ પર

### સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૩૬ વિદ્યાર્થીઓને એ-ટુ ગ્રેડ

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના આજે જાહેર થયેલા પરિણામના અંતે જિલ્લામાં માત્ર એક જ વિદ્યાર્થીને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. જયારે ૧૦૯ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો છે. જયારે આ પૈકી સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૩૬ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ હાંસલ કર્યો છે. આ અંગે સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના આચાર્ય મહેન્દ્રસિંહ સોઢાએ જણાંવ્યુ હતુ કે જે ઇઇ અને નીટની તૈયારીમાં ગળાડુબ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવી શકયા નથી પરંતુ શાળાના ૩૬ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો છે.

### ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની વિદ્યાર્થીની એ-વન ગ્રેડમાં એક ગુણ ઓછો

શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરાયેલા વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ગત વર્ષની સાપેક્ષમાં એ વન ગ્રેડના વિદ્યાર્થીઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાંથી માત્ર એક જ વિદ્યાર્થીએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે ઘણાં વિદ્યાર્થીઓ થોડા ગુણના અભાવે જ એ વન ગ્રેડથી દુર રહી ગયા હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. વિજ્ઞાન પ્રવાહમાં નગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની દેવજ્ઞા કીરીટભાઈ મકવાણાએ ૫૦૦ માંથી ૪૫૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમમાં એ ગ્રેડમા માત્ર બે જ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યુ છે. ત્યારે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજની આ વિદ્યાર્થીની માત્ર એક ગુણ ઓછો આવતા એ વન ગ્રેડથી દુર રહી છે. શાળાની વિદ્યાર્થીની દેવજ્ઞાને શાળાના સંચાલક પ્રદિપ ગગલાણી તેમજ શાળાના શિક્ષકોએ અભિનંદન આપ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com